# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી
## પાટણ–૩૮૪૨૬૫

**પરિપત્ર નં : ૪૦ /૨૦૧૫**

**વિષય :– વિનયન વિદ્યાશાખાની પ્રાયોગિક પરીક્ષાઓ અંગે...**

આથી વિનયન વિદ્યાશાખાની તમામ સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે વિનયન વિદ્યાશાખાની સ્નાતક કક્ષાની પ્રાયોગિક પરીક્ષાઓ કોલેજ સ્તરે લેવાય તે સંદર્ભ માન. કુલપતિશ્રીએ આપેલ આદેશાનુસાર હવે વિનયન વિદ્યાશાખામાં સ્નાતક કક્ષાએ સેમ.–૧ થી ૪ સુધીની પ્રાયોગિક પરીક્ષાઓ કોલેજ સ્તરેથી લેવાની રહેશે.

પ્રાયોગિક પરીક્ષામાં મુખ્ય સંવાહક તરીકે કોલેજના આચાર્યશ્રી રહેશે. તેઓશ્રી જે તે વિષયનાં અધ્યક્ષશ્રી સાથે પરામર્શ કરી, પ્રાયોગિક પરીક્ષાનું સમયપત્રક તૈયાર કરશે અને જે તે વિષયના પરીક્ષકશ્રીઓની નિમણૂંકની કામગીરી કરશે. વિષય દીઠ પ્રાયોગિક પરીક્ષાની વિદ્યાર્થીઓની બેચ અગાઉની પ્રણાલીકા મુજબ યથાવત રહેશે. વિષયવાર સમયપત્રક તથા નિમણૂંક કરેલ પરીક્ષકશ્રીઓની વિગતો યુનિવર્સિટીના પરીક્ષા વિભાગને મોકલી આપવાની રહેશે. યુનિવર્સિટીના ઓર્ડીનન્સ–૧૬૧ પ્રમાણે પરીક્ષાની કામગીરી ફરજીયાત છે જે ધ્યાને લેવા વિનંતી.

પ્રાયોગિક પરીક્ષાનાં મહેનતાણારૂપે મુખ્ય સંવાહકશ્રી (આચાર્યશ્રી) ને દૈનિક ભથ્થું રૂા. ૧૦૦/– ચૂકવવામાં આવશે. જયારે પરીક્ષકશ્રી તરીકે જેમની નિમણૂક કરવામાં આવી હશે. તેવા અધ્યાપકશ્રીઓને દૈનિક ભથ્થારૂપે વધુ માં વધુ રૂા. ૪૦૦/– ચૂકવવામાં આવશે. જયારે વિદ્યાર્થી સંખ્યા ૨૦ થી ઓછી હશે તેવા કિસ્સામાં લઘુત્તમ દૈનિક ભથ્થુ રૂા. ૨૦૦/– ચૂકવવામાં આવશે. આ સિવાય પ્રાયોગિક પરીક્ષાના અન્ય ચૂકવણાના દર યથાવત રહે છે.

વધુમાં આચાર્યશ્રીઓને જણાવવાનું કે, પ્રેક્ટીકલ સ્લીપો તથા મટીરીયલ્સ તેમની પાસે રહેલા નમુનામાંથી વિદ્યાર્થી સંખ્યા પ્રમાણે ઝેરોક્ષ કઢાવી ઉપયોગમાં લેવાની રહેશે. પ્રાયોગિક પરીક્ષા પૂર્ણ થયેથી એક અઠવાડિયામાં પરીક્ષાની માર્કશીટો વિષયવાર સીલબંધ કવરમાં અલગથી જમા કરાવવાની છે. જયારે ઉત્તરવહીઓ તેમજ અન્ય મટીરીયલ અલગ–અલગ કવરમાં જમા કરાવવાનું રહેશે.

પ્રાયોગિક પરીક્ષાનાં મહેનતાણાનું ચુકવણું તથા ઝેરોક્ષ અંગેનો ખર્ચ અત્રેથી પરીક્ષા સંચાલન ખર્ચ પેશગી ચુકવવામાં આવે છે તેમાંથી કરવાનો રહેશે. તમામ ખર્ચના બીલો / વાઉચર્સ પરીક્ષા પૂરી થયેથી એક જ માસમાં પરીક્ષા સંચાલનની પેશગી સાથે સરભર કરાવવાના રહેશે. જેની ખાસ નોંધ લેવી.

(ર્ડા.ગીરીશ જે. ઠક્કર)
પરીક્ષા નિયામક

નં.પરી/૨/ ૧૦૨૩ /૨૦૧૫
યુનિવર્સિટી રોડ,
પો.બો.નં. ૨૧– પાટણ
તા. ૦૭/૦૩/૨૦૧૫

પ્રતિ,

૧. યુનિવર્સિટી સંલગ્ન વિનયન વિદ્યાશાખા ની કોલેજોના આચાર્યશ્રીઓ તરફ :–
૨. મુખ્ય હિસાબી અધિકારીશ્રી,
૩. ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા,
૪. પરીક્ષાવિભાગની તમામ પ્રશાખાઓ,

C:\Documents and Settings\om sai\My Documents\my document\JASUBHAI\ARTS SAKHA NO PARIPATR.doc 07/03/2015